URBAN HEALTH SOCIETY
AHMEDABAD MUNICIPAL CORPORATION
"AAROGYA BHAVAN", Second Floor, Old TB Hospital Compaund,
Opp Old Gita Mandir S.T. Bus Stand,Gita Mandir Road.- 380022 . Tel: 079-25392185

150 YEARS OF CELEBRATING THE MAHATMA

**મેડીકલ ઓફિસર , ફિઝીશિયન, લેબ ટેકનિશિયન, ફાર્માસીસ્ટ તેમજ પેરા મેડીકલ સ્ટાફની જગ્યાઓ તદ્દન હંગામી ધોરણે 03 માસના કરાર આધારે ભરવા**

અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન વિસ્તારમાં "ડોક્ટર મિત્રો યોજના" અંતર્ગત (સાંજના ૫ થી ૧૦) માટે મેડીકલ ઓફિસર, , લેબ ટેકનિશિયન, ફાર્માસીસ્ટ તેમજ પેરા મેડીકલ સ્ટાફની જગ્યાઓ તથા (સાંજના ૫ થી ૭) માટે ફિઝીશિયનની જગ્યાઓ તદ્દન હંગામી ધોરણે ૦૩ માસના કરાર આધારે ભરવા તથા તેની પ્રતિક્ષાયાદી બનાવવા માટે મેડીકલ ઓફિસર અને ફિઝીશિયનના વોક ઈન ઈન્ટરવ્યુ તા:- ૨૪/૦૬/૨૦૨૦ થી ૨૭/૦૬/૨૦૨૦ ના રોજ ગોઠવાના થાય છે. તેમજ લેબ ટેકનિશિયન, ફાર્માસીસ્ટ અને પેરા મેડીકલ સ્ટાફની અરજી www.ahmedabadcity.gov.in માં recruitments ની લીંક પર ઓનલાઈન તા:- ૨૫/૦૬/૨૦૨૦ના રોજ સાજે ૫:૦૦ વાગ્યા સુધી મંગાવવાની થાય છે. ઉપરોક્ત જગ્યાઓ માટે ઉમેદવારની જરૂરી શૈક્ષણીક લાયકાત અંગેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત | જગ્યા | ઉંમર | ઉચ્ચક માસિક વેતન |
|---|---|---|---|---|---|
| ૧ | મેડીકલ ઓફિસર | • ઈન્ડિયન મેડીકલ કાઉન્સિલ દ્વારા માન્ય કરેલ સંસ્થામાંથી એમ.બી. બી. એસ. પાસ કરેલું હોવું જોઈએ.<br>• ફરજીયાત ઈન્ટર્નશિપ પૂરી કરેલ હોવી જોઈએ.<br>• ઈન્ડિયન મેડીકલ કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન થયેલું હોવું જોઈએ.<br>• સ્થાનિક પ્રાઈવેટ પ્રેક્ટીસ કરતા તબીબને પ્રાધાન્ય આપવામાં આવશે. | ૭૪ | મહતમ ૬૨ વર્ષ | રૂ. ૩૦,૦૦૦/- માનદ વેતન |
| ૨ | ફિઝીશિયન | • એમ.ડી. મેડિસિન<br>• ઈન્ડિયન મેડીકલ કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન થયેલું હોવું જોઈએ.<br>• સ્થાનિક પ્રાઈવેટ પ્રેક્ટીસ કરતા તબીબને પ્રાધાન્ય આપવામાં આવશે. | ૭૪ | મહતમ ૬૨ વર્ષ | રૂ. ૩૦,૦૦૦/- માનદ વેતન |
| ૩ | લેબ ટેક્નીશીયન | • બી. એસ. સી. (કેમેસ્ટ્રી અથવા માઈક્રોબાયોલોજી) અથવા એમ. એસ. સી. (ઓર્ગેનીક કેમેસ્ટ્રી અથવા માઈક્રોબાયોલોજી)<br>અને<br>• એમ. એલ. ટી પાસ | ૭૪ | મહત્તમ ૬૨વર્ષ | રૂ.૧૦,૦૦૦/- ફિક્સ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪ | ફાર્માસિસ્ટ | • માન્ય યુનિવર્સીટીમાંથી ફાર્મસીની ડીગ્રી અથવા ડીપ્લોમા અને ગુજરાત ફાર્મસી કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન થયેલું હોવું જોઈએ.<br>• બેઝીક કોમ્પુટર સર્ટીફીકેટ ધરાવનાર ઉમેદવારોને અગ્રતા આપવામાં આવશે. | ૭૪ | મહત્તમ ૬૨વર્ષ | રૂ.૧૦,૦૦૦/- ફિકસ |
| ૫ | પેરા મેડીકલ સપોર્ટીંગ સ્ટાફ (એ. એન. એમ. - ફક્ત સ્ત્રી ઉમેદવાર અથવા મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર અથવા સ્ટાફ નર્સ) | • **એ. એન. એમ.**<br>1. ઈન્ડિયન નર્સિંગ કાઉન્સિલ દ્વારા માન્ય કરેલ સંસ્થા માંથી એ. એન. એમ./એફ. એચ. ડબ્લ્યુ<br>2. ગુજરાત નર્સિંગ કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન થયેલું હોવું જોઈએ.<br>• **મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર**<br>1. એસ.આઇ.ડીપ્લોમા અથવા મલ્ટી પરપઝ હેલ્થ વર્કર કોર્સ પાસ.<br>• **સ્ટાફ નર્સ**<br>1. ઈન્ડિયન નર્સિંગ કાઉન્સીલની માન્યતા પ્રાપ્ત સંસ્થામાંથી બી.એસ.સી).નર્સિંગ(ની ડીગ્રી ધરાવતા હોવા જોઇએ.<br>અથવા<br>2. જનરલ નર્સિંગ અને મીડવાઈફરીનો ડિપ્લોમા ધરાવનાર.<br>અથવા<br>3. મીડવાઈફરીનો ટુંકાગાળાનો કોર્સ કરેલો હોવો જોઈએ.<br>• ધોરણ ૧૨ માં કોમ્પ્યુટર વિષય હોય અથવા બેઝીક કોમ્પુટર સર્ટીફીકેટ ધરાવતા હોવા જોઈએ. | ૧૪૮ | મહત્તમ ૪૫વર્ષ | રૂ.૧૦,૦૦૦/- ઉચ્ચક વેતન |

**<u>શરતો</u>**

1. ઉપરોક્ત જગ્યાઓ રાજ્ય સરકારના સ્ટેટ બજેટ માંથી ફાળવેલ ગ્રાન્ટ હેઠળ ભરવાની થતી હોઈ તમામ જગ્યા માનદ વેતને ભરવાની થાય છે.
2. ઉપરોકત જગ્યા માટે જે તે તબકકે કોઇપણ પ્રકારનું રાજકીય કે સંસ્થાકીય દબાણ કરવામાં આવશે તો તેઓની નિમાણુક રદ કરવામાં આવશે.
3. અરજદારે અરજી ફોર્મ સાથે લાયકાત તથા અનુભવનાં તમામ પ્રમાણપત્રની પ્રમાણીત નકલ જોડવાની રહેશે. જો પ્રમાણપત્રની નકલ જોડેલ નહી હોય તો તેવી અરજી રદ્ ગણવામાં આવશે તેમજ અરજી ફોર્મ ભર્યા બાદ અરજીમાં દર્શાવેલ વિગતોના તથા અરજી સાથે જોડેલ પ્રમાણપત્રના અસલ પુરાવા રજૂ નહી કરે તો અત્રેની ઓફીસેથી લીધેલ નિર્ણય છેલ્લો ગણાશે. તે અંગે ઉમેદવારનો કોઈ હક્ક દાવો રહેશે નહી.
4. ઉમેદવારનો અનુભવ અસલ પ્રમાણ પત્ર ચકાસણી વખતે અસલ અનુભવનાં પ્રમાણપત્રને આધારે ગણવામાં આવશે તેઓના નિમાણૂંક ઓર્ડરને આધારે અનુભવ ગણાશે નહી.

5. જે ઉમેદવારનાં માર્કસ ગ્રેડમાં હોય તેવા ઉમેદવારે જે-તે યુનિર્વસીટીમાંથી ડીગ્રી મેળવી હોઇ તે યુનિર્વસીટીનું ગ્રેડને ટકાવારીમાં ફેરવવા અંગેનો પ્રમાણપત્ર રજૂ કરવાનો રહેશે. જો ઉમેદવાર આ અંગેનું પ્રમાણપત્ર રજુ ના કરે તો તે ઉમેદવાર ના લઘુતમ માર્ક્સ ગણાશે.
6. પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક અધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.
7. આ જગ્યાની ભરતી પ્રકીયાનાં અનુસંધાને આ જાહેરાતમાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ્ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો ખાતાના ઉચ્ચ અધિકારીને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને ઉચ્ચ અધિકારી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.
8. સીલેકટ થયેલ ઉમેદવારની નિમણૂંક ૩ માસ માટે રહેશે.
9. ઉમેદવારની નિમણૂંક અંગે રાજય સરકાર દ્વારા સુધારો સુચવવામાં આવે તો તે મુજબ સક્ષમ સત્તાધિકારીશ્રીની મંજૂરીથી તેમાં સુધારો કરવામાં આવશે.

- રજીસ્ટ્રેશનનો સમય :- સવારે ૦૯ થી ૧૦ વાગ્યા સુધી
- ઈન્ટરવ્યુની તારીખ :- ૨૪/૦૬/૨૦૨૦ થી ૨૭/૦૬/૨૦૨૦
- ઈન્ટરવ્યુનું સમય :- સવારે ૧૧ વાગ્યાથી
- ઈન્ટરવ્યુનું સ્થળ :- આરોગ્ય અધિકારીશ્રીની રૂમ, પ્રથમ માળ, આરોગ્ય ભવન,ગીતામંદિર બસ સ્ટોપ પાસે, ગીતામંદિર રોડ, અમદાવાદ

**મેમ્બર સેક્રેટરી**
**ધી અર્બન હેલ્થ સોસાયટી, અમદાવાદ**